કડી સર્વ વિશ્વવિદ્યાલયના ૨૨૧ વિદ્યાર્થીઓ, ૪ ટ્રેનર અને ૬ શિક્ષકો

ઓલ ઈન્ડીયા યુથ સેમીનારમાં જોડાયા

ગાંધીનગર, તા. ૧૯

૧૫૦થી વધુ દેશોમાં કાર્યરત હાર્ટફૂલનેસ સંસ્થાનાં આંતરાષ્ટ્રીય કેન્દ્ર કાન્હા શાન્તિવનમ, હૈદ્રાબાદ ખાતે પાંચ દિવસીય ઓલ ઈન્ડીયા યુથ સેમીનાર યોજાયો, જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની ૧૫ કોલેજના ૨૨૧ વિદ્યાર્થીઓ, ૬ શિક્ષકો અને ચાર ટ્રેનરે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આજના યુગમાં ટેક્નોલોજી અને વૈશ્વિકીકરણમાં પ્રગતિને કારણે વિશ્વની ગતિ વધી છે ત્યારે વ્યકિત ધ્યાનનાં ઉપયોગથી પોતાના અંગત, સામાજિક, વ્યવસાયિક અને અધ્યાત્મિક જીવનમાં સંતુલન જાળવી શકે, અલગ અલગ પરિસ્થિતિમાં ધીરજ દાખવી સમસ્યાઓનો સામનો કરી અત્મવિશ્વાસપૂર્વક જીવી શકે અને પોતાની શકિતઓનો હકારાત્મક દિશામાં ઉપયોગ કરી માનવકલ્યાણ માટે યોગદાન આપે એ આશયથી ઓલ ઈન્ડીયા યુથ સેમીનારનું આયોજન હાર્ટફૂલનેસ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ભાગ લેનાર તમામે તે વખાણ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દરરોજ સવારે ૪:૦૦ વાગેથી રાતના ૯:૩૦ સુધી રચનાત્મક કાર્યક્રમો, વિવિધ પ્રેરણાદાયી વિષયો ઉપર વ્યાખ્યાન અને વિવિધ પ્રવૃતિઓ જેમકે હર્દય પર કેન્દ્રિત હાર્ટફૂલનેસ યોગ, આત્મસંયમ અને મન નિયમન પ્રવૃતિઓ, સ્વાવલંબન માટે સંદેશા, પર્યાવરણ અને પ્રાકૃતિક જાગૃતિ અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં યુવાનોને તેમના જીવનના ઉચ્ચ હેતુને પૂર્ણ કરવા માટે, તેમની દ્રષ્ટિના વિસ્તરણ સાથે આર્થિક અને બૌદ્ધિક સ્વાતંત્ર્ય માટે સક્ષમ બનાવવા માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો જેનું સંકલન કડી સર્વ વિશ્વવિદ્યાલય વતી પ્રિન્સીપાલ ડો. આનંદ પટેલ, પ્રોફેસર ઉમેશ કોલ્હે અને ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓની વ્યવસ્થા માટે સર્વ નેતૃત્વના સ્મિત પટેલ, સુરજ મુન્જાણી, આરતી પટેલ, જાનવી પટેલ, જીગ્નેશ પટેલની સાથે પ્રોફ. જીજ્ઞાશા જોશી, પ્રોફે. સી.એમ ભટ્ટ, પ્રોફે. રાજ પંડ્યા અને પ્રોફ. સચિન પટેલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા સતત ૨ ઉમા વર્ષે બાળકો માટે 'અભિવ્યક્તિ' નામક ઉનાળુ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જવાહરલાલ નહેરુ ઔષધિય ઉદ્યાનના કુદરતી પરિસરમાં યોજાતો આ શિબિર તેના આ સ્થળ અને અનેકવિધ પ્રવૃત્તિઓ માટે બાળકોમાં બહુ પ્રિય છે. સતત ત્રણ દિવસ સુધી બાળકો અહીં સવારે ૯.૩૦થી સાંજે ૬ સુધી રોકાય છે અને યોગથી માંડીને નાટક સુધીની પ્રવૃત્તિઓ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ કરે છે. ૨ ઉમી શિબિરના પહેલા જ દિવસે લયબદ્ધ શ્વસન, આર્ટ ઍન્ડ ક્રાફ્ટ, ડાન્સ અને નાટકની મજા બાળકોએ મુક્ત મને માણી હતી. ૧૦૦થી વધુ ઉત્સાહી બાળકો આત્મનની આ મજા પડે એવી શિબિરમાં ભાગ લઈ રહ્યા છે.

જન્મદિને વધામણી

રેખાબેન વી સાધુ
મો. ૮૩૨૦૭ ૩૬૦૯૫

શૌર્ય પ્રજાપતિ

વંશ રાજગોર
મો. ૯૦૩૩૪ ૫૮૨૮૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ત્રણ વર્ષમાં ૨૫૦૦થી વધુ રક્ત યુનિટની સેવા પુરી પાડનાર

બ્લડ બેંકે પોતાની ત્રીજી વર્ષગાંઠ વડીલો સાથે ઉજવી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં છેલ્લાં ત્રણ વર્ષથી સેવાભાવી યુવાનો દ્વારા અનોખી બ્લડબેંક ચલાવવામાં આવે છે. જેમાં એક પણ બોટલ રક્ત જમા નથી હોતુ છતાં સરેરાશ રોજની ૩ થી ૪ બોટલ રક્ત જરૂરિયાતવાળા દર્દીને પુરૂ પાડવામાં આવે છે. આ બ્લડબેંકમાં ૯૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયેલા છે. તા. ૧૮મી એપ્રિલે આ બ્લડબેંકને ત્રણ વર્ષ પૂર્ણ થવાના અવસરે તેના સંચાલક ગૂંજ ફાઉન્ડેશનના યુવાનોએ મગોડી ખાતેના રાહેલબા વૃદ્ધાશ્રમના ૪૦ જેટલા વડિલોને ભોજન કરાવી ઉજવણી કરી હતી.

ગૂંજ ફાઉન્ડેશન દ્વારા ત્રણ વર્ષ પૂર્વે તા. ૧૮મી એપ્રિલ ૨૦૧૬ના રોજથી 'બ્લેડબેંક ઓન વ્હોટસએપ'ની શરૂઆત કરી હતી જેમાં રક્તની જરૂરિયાત હોય તેવા દર્દીઓના મેસેજને સ્વેચ્છાએ જોડાયેલા રક્તદાતાઓ સમક્ષ મુકવામાં આવે છે. આ મેસેજને અનુલક્ષીને જોડાયેલા ફાઉન્ડેશનના સ્વયંસેવકો દ્વારા રાખવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષમાં ગૂંજ ફાઉન્ડેશન દ્વારા મહિલા રક્તદાતાઓ સહિત આવા પાંચ વ્હોટસએપ ગૃપ વિકસાવ્યા છે. આ રક્તદાતાઓ દ્વારા ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત આસપાસના વિસ્તારોમાં દર્દીઓને વિનામૂલ્યે રક્તની જરૂરિયાત પુરી પાડવાની સેવા આપવામાં આવે છે. જે થકી અત્યાર સુધીમાં ૨૫૦૦થી વધુ રક્ત યુનિટ્સની સેવા 'બ્લેડ બેંક ઓન વ્હોટ્સએપ' દ્વારા પુરી પાડવામાં આવી છે. આ બ્લડબેંકને ત્રણ વર્ષ પુરા થવાના પ્રસંગે ગૂંજ ફાઉન્ડેશનના યુવાનો દ્વારા મગોડી ખાતેના રાહેલબા વૃદ્ધાશ્રમમાં ૪૦થી વધુ વડિલોને ભોજન કરાવી ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીજીનો વિનોદ

॥ ચોથો મણકો ॥

૫ - સાઠે બુદ્ધિ નાઠી

ગાંધીજીએ આગાખાન મહેલમાંથી વાઈસરૉયને એક પત્ર લખ્યો હતો. તે વાંચી સરોજિની નાયડુએ કહ્યું કે બાપુએ પત્ર ન લખવો જોઈએ. પહેલો પત્ર સંપૂર્ણ હતો. બાપુ એટલા મહાન છે કે એમણે એ લોકોને વારંવાર ન લખવું જોઈએ. એમણે ગુપચુપ શાંતિથી બેસી રહેવું જોઈએ. છેવટે અંગ્રેજોને બાપુ પાસે આવ્યા વિના છૂટકો નથી. પણ સરોજિની નાયડુના આ અભિપ્રાય પર ગાંધીજીએ ધ્યાન ન આપ્યું. બીજે દિવસે પત્ર રવાના કરતાં પહેલાં ફરીથી એ પત્ર ગાંધીજી વાંચી ગયા. ત્યારે તેમને સરોજિની નાયડુની વાત સાચી લાગી અને પત્ર રવાના કરવાનો વિચાર માંડી વાળ્યો. તે જ વેળા સરોજિની નાયડુ ત્યાંથી પસાર થતાં હતાં. તેમને બોલાવી ગાંધીજીએ કહ્યું,

ગાંધીયાત્રા

અમ્માજાન, મારે તમારી આગળ કબૂલવું પડે છે કે કાલે તમે વાઈસરૉય પર લખેલા પત્ર વિશે તમારો મત દર્શાવ્યો ત્યારે મેં તમારી વાતને ઝાઝું મહત્ત્વ નહોતું. આપ્યું. મેં અભિમાનમાં વિચાર્યું કે અમ્માજાન તો ઘરડી થઈ ગઈ છે.

સરોજિની નાયડુ (વચ્ચે બોલતાં) : હા, જુવાનીના અભિમાનમાં વિચાર્યું હશે !

ગાંધીજીએ હસતાં હસતાં પોતાનું કહેવાનું ચાલુ રાખ્યું, એ પત્ર વ્યવહાર વાંચ્યા પછી તમારી દલીલનું મહત્ત્વ હું સમજ્યો અને મેં પોતે જ વિચાર્યું કે અમ્માજાન તો જુવાન થતી જાય છે ! અને અમે પોતે જ ઘરડા થવતા લાગ્યા છીએ એટલે સાઠે બુદ્ધિ નાઠી. હવે એ કાગળ નહીં જાય.

૬ - બધા મહાત્મા થવા બેઠા છે

વાસણકૂસણ કે ગ્રામસફાઈ કરતી વેળા સેવાગ્રામમાં આશ્રમવાસી ભાઈઓ ટૂંકી બાંયનાં પહેરણ અને ચડ્ડી પહેરતા હતા. એ પોષાક જોઈને એક વિદેશી મહિલા શ્રી મેરી ચેઝલીએ ગાંધીજીને કહ્યું,

આ પોષાક મને બહુ અળખામણો લાગે છે.

ગાંધીજી : ઓ પોષાકે શો ગુનો કર્યો ?

ચેઝલી : એ અંગ્રેજી પોષાક છે.

ગાંધીજી : પણ એ અંગ્રેજી હોય તેથી શું ? અંગ્રેજી પોષાકમાં કંઈ સારું હોય તો હું અવશ્ય પહેરું. ભલેને અંગ્રેજોને હિંદી પોષાક વિશે ઘૃણા હોય.

ચેઝલી : મને તેથી ઊલટું લાગે છે. હિંદી પોષાક એવો કલામય છે કે એની સાથે એ વિદેશી ભેળવવાથી કળાનો નાશ થાય છે. ક્યાં તમારા ઝૂલતાં ઢીલાં પહેરણ અને ક્યાં અંગ્રેજી ટૂંકી બાંયના જાંઘિયા ?

ગાંધીજી : ત્યારે તો હું સોલાહેટ પહેરવાની અમારા લોકોને સલાહ આપું તો તમને ચક્કર આવે, ખરું ને ?

પાસે બેઠેલાં મીરાબેન બોલ્યાં : મને તો જરૂર ચક્કર આવે. મને તો એ હૅટ કોઈ દિવસ ગમી નથી.

ગાંધીજી : એ બતાવે છે કે તમે જે હૅટ પહેરતાં તે તમારા માથાને બંધબેસતી ન હતી.

મીરાંબેન : ના, નાના, મારી પાસે તો તે વેળા ઉત્તમોત્તમ હૅટ્સ હતી. પણ મારું તો હંમેશાં એ ઊંચી ટોપીઓથી માથું દુખી આવતું.

ગાંધીજી : ત્યારે મારે કહેવું જોઈએ કે તમારું માથું કઢંગું હશે, એ ટોપી તાપમાં કામ કરનારાઓ માટે તો સારી જ છે.

મીરાંબેન : હું નથી માનતી. હેટ કરતાં હું પાઘડી પહેરવી વધારે પસંદ કરું.

ગાંધીજી : મને ખાતરી છે કે લલ્લુભાઈ શામળદાસ પહેરે છે એ પાઘડી તાપથી તો રક્ષણ ન જ આપે.

આમ ચર્ચા ચાલી રહી હીત ત્યાં વચ્ચે ચેઝલી બોલ્યા, પણ મને હિંદી અંગ્રેજીની આ ખીચડી પસંદ નથી. જુઓને, આ તમારોકચ્છ કેવો સુંદર છે. આ ભાઈઓ એવો કચ્છ કાં ના પહેરે ? મારું કહેવું છે કે કાં તો બધો શુદ્ધ અંગ્રેજી પોષાક પહેરે, કાં તો શુદ્ધ હિંદી પહેરે.

ગાંધીજી : પણ શુદ્ધ અંગ્રેજ બનવું એટલે જાંગલા બનવું. એટલે તો દારૂની દુકાને જવું ને ? સૌ ખડખડાટ હસ્યાં.

'મારો કચ્છ તો સરસ છે જ એમાં શંકા નથી. પણ વાત એ છે કે એ બાપડા મારા જેવો કચ્છ પહેરવા જાય તો એ મૂઆ જ પડે ને. લોકો કહે કે આ બધા મહાત્મા થવા બેઠા છે.'

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

સંશોધન ક્ષેત્રે આગળ વધવા માટે શું કરવું ?

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

પ્રશ્ન : ૧ - ધોરણ ૧૦ પછી કયા વિકલ્પો ઉપલબ્ધ છે? જાણકારી આપશો.

- દીપક પરમાર, ગાંધીનગર

દીપક,ધોરણ ૧૦ પછી શું કરવું ? આ સવાલના જવાબમાં એટલુંજ કહી શકાય કે આપની પાસે ઘણા બધા વિકલ્પો છે અને આપ ધારો તો આકાશને પણ ચૂમી શકો એટલી બધી શક્યતાઓ છે જ. અંગ્રેજીમાં શબ્દપ્રયોગ છે. 'સ્કાય ઇઝ ધ લિમિટ'. જેમ આકાશને પણ ચૂમી શકો તેટલી શક્યતાઓ છે. ધોરણ ૧૦ પછી પસંદગી માટે સમગ્ર આકાશ ખુલ્લું છે અને આપની પાસે છે આકાશની માફક અમાપ, અસીમિત શક્યતાઓ અને વિકલ્પો... ગણ્યા ગણાય

નહીં તેટલાં સપનાંઓ આપની પાસે છે. તો આ સપનાંને સાકાર કરી બતાવવાની શક્યતા અને શક્તિ પણ આપના જ હાથમાં છે.ધોરણ ૧૦ પાસ કર્યા પછી આપણી સમક્ષ કયા કયા મુખ્ય વિકલ્પો છે તે પર નજર કરીએ તો : ધોરણ ૧૧-૧૨ – હાયર સેકન્ડરીમાં એડમિશન મેળવવું. અહીં પણ વિજ્ઞાનપ્રવાહ, સામાન્ય પ્રવાહ (વિનયન-વાણિજ્ય), ઉત્તર બુનિયાદી પ્રવાહ એવા વિકલ્પો છે. ધોરણ ૧૦ પછીના વ્યવસાયલક્ષી ડિપ્લોમા અભ્યાસક્રમો (ડિપ્લોમા ઈન એકાઉન્ટન્સી, ડિપ્લોમા ઈન બૅન્કિંગ, ડિપ્લોમા ઈન હોમસાયન્સ ઈત્યાદિ)માં એડમિશન મેળવવું. ધોરણ ૧૦ પછીના ટેકનિકલ ડિપ્લોમાં અભ્યાસક્રમોમાં (સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ ઓટોમોબાઈલ, મેટલર્જી, કેમિકલ, પ્લાસ્ટિક, પ્રિન્ટિંગ, ફેબ્રિકેશન, હોમસાયન્સ, કોમર્શિયલ પ્રેકટિસ, માઈનિંગ, સિરેમિક, ટેક્ષટાઈલ મેન્યુફેક્ચરિંગ/ટેકનોલોજી ઈત્યાદિ ક્ષેત્રોમાં) પ્રવેશ મેળવવો. આ ડિપ્લોમાં અભ્યાસક્રમો સરકારી પૉલિટેકનિકો/સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે લઈ શકે છે. ધોરણ ૧૦ પછી આપના માટે નોકરીની પણ કેટલીક સારી તકો છે જ - જો આપ આગળ અભ્યાસ કરી શકો તેવા સંજોગો ન હોય તો. આપ ખાનગી ઉમેદવાર તરીકે પણ - ઘરે રહીને પણ - આગળ અભ?યાસ કરી શકો.આમ આપ આપની રસ અને રુચિ મુજબના ઉપયુક્ત વિકલ્પો માંથી કોઈ એક વિકલ્પ પસંદ કરી આગળ વધી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

પ્રશ્ન : ૨ હું ગ્રેજ્યુએશન પૂરું કરેલ છે.તો હવે મારે સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારી કરવી કે મારા પપ્પા ની દુકાન માં એમની બેસી મદદ કરવી?

- હરીશ પટેલ, ગાંધીનગર

હરીશ, આપે હાલ જ ગ્રેજ્યુએશન પૂરું કરેલ છે.એટ્લે આપની પાસે બે વિકલ્પ છે એક માં આપ સરકારી નોકરી મેળવવાની ઈચ્છા ધરાવો છો જ્યારે બીજા વિકલ્પ માં આપ આપનો ફેમિલી બિઝનેસ માં મદદ કરવા માંગો છો. મેહનત બંને વિકલ્પ માં જરૂરી બનસે. હવે એ આપના ઉપર આધાર રાખે છે કે તમે કયા વિકલ્પ તરફ આગળ વધવા માંગો છો. જો આપને સરકારી નોકરી મેળવવી છે કે આપને જો બિઝનેસ માં વધુ રસ હોય તો એમાં પણ જઈ શકો છો. અમારું મંતવ્ય એ છે કે હાલ આપ વિધ્યાર્થી એટ્લે કે નવું કઈક શીખવા અને યાદ રાખવાની ઉમર માં છો. એટલે આપ હાલ આપ સરકારી નોકરી માટે ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી ખૂબ સરસ રીતે કરી શકો છો. રહ્યો સવાલ આપના ફેમિલી બિઝનેસ નો તો એ આપ થોડા સમય બાદ પણ સંભાળી શકો. હાલ આપ આપનું પૂર્ણ ધ્યાન આપના લક્ષ્ય ઉપર રાખી પરીક્ષા ની તૈયારી કરો. જો આપ ઉત્તીર્ણ થઈ જાઓ છો તો આપ નું ભવિષ્ય સુરક્ષિત બની શકે છે અને ત્યાર બાદ પણ નોકરી ના ફાઝલ સમય માં આપનો બિઝનેસ સંભાળી શકો

છો. એટલે જો આપના પપ્પા ની શારીરિક હાલત ઠીક હોય અને હાલ આપ ને કોઈ કામ કરવાની જરૂર ના હોય તો આપ અત્યાર થી જ પરીક્ષા ની તૈયારી ચાલુ કરી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે !

૩. હું ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. રિસર્ચ ક્ષેત્રે કઈ રીતે આગળ વધી શકાય?

- જાનકી રાઠોડ, દેહગામ

આપના પ્રશ્ન પરથી પ્રતીત થાય છે કે આપને રિસર્ચ (સંશોધન) ક્ષેત્રમાં આગળ વધવું છે. આ ક્ષેત્રમાં ઘણા વિકલ્પો ઉપલબ્ધ છે અને આ ક્ષેત્રની ડિમાન્ડ પણ વધી રહી છે. આ ક્ષેત્રને આજના સમય માં આર એન્ડ ડી એટલે કે રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે, જેમાં આપ રિસર્ચર તરીકે,ઍંજિનિયર તરીકે, બાયોલોજિસ્ટ, ફાર્મસીસ્ટ, કેમિસ્ટ અથવા બાયોકેમિસ્ટ અને આવા અનેક પ્રકારના રોલ (ભાગ) ભજવી શકો છો. આ બધામાંથી વિકલ્પોમાંથી કોઈ એક વિકલ્પ નક્કી કરી આપ એમાં સંશોધનના ક્ષેત્રમાં આગળ વધી શકો છો. સંશોધન ક્ષેત્રે આગળ વધવા માટે આપ કોઈ પ્રતિષ્ઠિત સંસ્થામાં અભ્યાસ બી.એસ.સી., એમ.એસ.સી., ફાર્મસી, ઈજનેરી, જેવા કોર્સનો અભ્યાસ કરી શકો છો. સંશોધન પર ખાસ મહત્વ આપતી અમુક પ્રતિષ્ઠિત સંસ્થાઓ પણ છે. સંસ્થાની વાત કરીએ તો - ડી.આર.ડી.ઓ એટલે કે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈજેશન, ઈસરો એટ્લે કે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈજેશન , એન.એ.એલ નેશનલ એરોસ્પેસ લેબોરેટરી, બી.એ.એલ ભારત ઈલેક્ટ્રોનિક લિમિટેડ , ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર એટલે કે બી.એ.આર.સી., અને આન્ય ઘણી સંસ્થાઓ છે જે તમને કાઈંક નવું કરવાની, કંઈક સર્જન કરવાની તક આપતી હોય છે.આ બધી જગ્યાઓ થી રિસર્ચ કરવા માટે ઈચ્છુકે અરજી કરવાની હોય છે.લાયકાતની વાત કરીએ તો સામન્ય રીતે આપે કોઈ પણ ક્ષેત્રમાં માસ્ટર ડિગ્રી હાસિલ કરી હોવી જોઈએ.એટ્લે કે બી.એસ.સી કર્યું હોય તો એમ.એસ.સી અથવા બી.ટેક કર્યું હોય તો એમ.ટેક વિગેરે કરી શકો છો, અને આપના મનપસંદ ક્ષેત્રમાં સંશોધન કરી આપ રિસર્ચર તરીકે કામ કરી શકો છો. આ ક્ષેત્ર સ્પર્ધાત્મક દૃષ્ટિ એ પણ સારો છે કારણકે આ ક્ષેત્ર વિષે વિધાર્થીઓ માં અવેરનેસ ઓછી જોવા મળે છે. વધુ માહિતી માટે આપ અમને

વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુક: www.facebook.com/questions.careercorner